આજે વિશ્વ રંગભૂમિ દિવસ

ઉત્તર ગુજરાતમાં અસ્તિત્વ માટે ઝઝૂમતા ૩૦૦ ભવાઈ કલાકાર

ટીવી યુગમાં પણ દબદબો કાયમ, સરકારની મોટી કોઈ સહાય મળતી નથી : ભવાઈના આદ્યપુરૂષ અસાઈત ઠાકર ૩૬૦ ભવાઈ વેશ લખ્યા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

આજે તા.૨૭ માર્ચ વિશ્વ રંગભૂમિ દિવસ. દર વર્ષે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી તો થાય

છે પરંતુ રંગભૂમિના કલાકારો કાળઝાળ મોંઘવારીમાં કેવું જીવન જીવે છે તે જોવાની સરકાર અને તંત્રએ પણ તસ્દી લીધી નથી. જેના કારણે ભવાઈ સહિતની રંગભૂમિની અનેક કલાઓ લુપ્ત થવાને આરે છે. ભવાઈના આદ્યપુરૂષ અસાઈત ઠાકરને આજે યાદ કરવા જોઈએ તેઓએ ૩૬૦ થી વધુ ભવાઈ વેશ લખ્યા છે જે સામાજીક ક્રાન્તિ લાવવામાં સફળ રહ્યા છે. આજના ટીવી યુગમાં પણ ઉત્તર ગુજરાતમાં ભવાઈનો દબદબો સ્વયં કલાકારોના કારણે જ જીવંત રહ્યો છે.

વર્ષો પૂર્વે મનોરંજનનાં ઓછાં સાધનો વચ્ચે એકમાત્ર ભવાઈ કલા મનોરંજનનું સાધન ગણાતું. ગામડાઓમાં રાત્રે ફાણસ અને પેટ્રોલમેક્ષના અજવાળે મોંડી રાત સુધી ભવાઈ ભજવાતી તેની કદર કરનારા પણ હતા. સમય જતાં આધુનિક યુગમાં ભવાઈ કલા નામશેષ થઈ જાય તેવો સમય આવ્યો. સરકારે પણ જાહેરમાં ભવાઈ કલા અને તેના કલાકારોની પ્રસંશા કરી પરંતુ તેના ઉત્થાન માટે કોઈ નેત્રદિપક કામગીરી કરી નહીં અને કલાકારોને જાતે જ રંગભૂમિ ઉપર ભવાઈ કલાને જીવંત રાખવાના પ્રયાસ કરવાની નોબત આવી. આજે પણ ઉત્તર ગુજરાતના અનેક ગામડાઓમાં ખ્યાતિ પ્રાપ્ત રંગભૂમિના ભવાઈ કલાકારો ઉંમરલાયક થયા છે અને તેમના માર્ગદર્શન હેઠળ યુવા કલાકારો તૈયાર થતાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી હવે લાગે છે કે સાર્થક થઈ રહી છે. ઉત્તર ગુજરાતના સરડોઈ, નાનાચેખલા, રાસલોડ, નવા, અડપોદરા, ગઢી, પલ્લાચર, મેમદપુર, રસુલપુર, ઈડર, બડોલી સહિતના અનેક ગામોમાં ૩૦૦ થી વધુ કલાકારો ભવાઈ કલાને જીવંત રાખવા માટે આજે પણ ઝઝૂમી રહ્યા છે. આજના મોંઘવારીના યુગમાં કલાકારોના સન્માન કરતાં તેમના માટે સારી આજીવિકા પ્રાપ્ત થાય તેવી યોજના સરકારે અમલી બનાવવી જોઈએ. વૃદ્ધ ભવાઈ કલાકારોને આપવામાં આવતી સહાયમાં વધારો કરવાની સાથે અન્ય નવા વૃદ્ધ કલાકારોનો પણ આ સહાયમાં સમાવેશ થાય તો જ સાચા અર્થમાં વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી સાર્થક બની શકે છે.

ડાકોરમાં ફાગણી પુનમનો મેળો રદ થતાં ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓ નિરાશ

પુનમે ૫૦ હજારથી વધુ શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લઈ રહ્યા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

કોરોનાની બીજી લહેર ફરી એકવાર ધંધા-રોજગાર સહિત યાત્રાધામોને હચમચાવી શકે છે. બીજી લહેર ૧૦૦ દિવસ રહેવાની ધારણા છે. કોરોનાના વધતા સંક્રમણને ધ્યાને રાખી ડાકોરમાં ફાગણી પુનમનો મેળો રદ કરવાનો તંત્રએ નિર્ણય લીધો છે. ડાકોરમાં રણછોડ રાયજીના દર્શન માટે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાંથી દર પુનમે ૧૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ જતા હોય છે. ફાગણી મેળો અને મંદિર પણ દર્શન માટે બંધ રહેવાનું હોવાથી ભક્તોમાં નિરાશા જોવા મળી છે.

યાત્રાધામોના વિકાસ માટે રાજ્યની ભાજપ સરકારે અનેક પ્રોત્સાહક ગ્રાન્ટો ફાળવી છે. પરંતુ મોટાભાગના યાત્રાધામોમાં કામો અધુરાં રહ્યાં છે. જેના કારણે સરકારની પ્રવાસન છબીને અસર થઈ રહી છે. અરવલ્લીના યાત્રાધામ શામળાજીમાં પણ મંથરગતિએ ચાલતા વિકાસના કામોથી વેપારીઓની સાથે શામળાજીની પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી છે. પંચવર્ષિય યોજના ૭ વર્ષ પછી પણ સાકાર થઈ નથી અને હવે કોરોનાનું ગ્રહણ લાગતાં દેવમંદિરોની આવકને પણ કોરોના ડંખી રહ્યો છે. ઉત્તર ગુજરાત સહિત મધ્ય ગુજરાત અને ગુજરાતને છેલ્લા એક પખવાડીયાથી



કોરોનાએ ઘમરોળ્યું છે. સર્વાધિક કેસ સામે આવતાં એક તબક્કે રાજ્યમાં લૉકડાઉનની અફવા પ્રસરી પરંતુ સરકારે તેનું ખંડણ કર્યું છે. પરંતુ જે રીતે કોરોનાના કેસમાં ઉછાળો આવ્યો છે તે જોતાં ફાગણી પુનમના મેળા અનેક દેવમંદિરોના ટ્રસ્ટીઓએ રદ કરવાનો નિર્ણય લીધો છે.

શામળાજીમાં પણ સાદગીપૂર્વક ફાગણી પુનમ પર્વની ઉજવણી થશે. ત્યારે ડાકોરમાં તો ફાગણી પુનમનો મેળો પ્રજાના આરોગ્યને ધ્યાને રાખી રદ કરાયો છે. પરંતુ દર પુનમે રણછોડરાયજી મંદિરમાં શિશ ટેકવવાની જેમને બાધા રાખી છે તેવા શ્રદ્ધાળુઓમાં નિરાશા જોવા મળી છે.

સમાચાર રફ્તાર

- રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની તબીયત લથડતા આર્મી હોસ્પિટલમાં દાખલ કરાયા.
- મહારાષ્ટ્રના મુંબઈ, પુણે, નાગપુર સહિતના શહેરોમાં કોરોના વિસ્ફોટ થતા લોકડાઉનના અણસાર.
- મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં ૩૬,૦૦૦ કેસ.
- મુંબઈની કોવિડ હોસ્પિટલમાં આગથી ૧૦ દર્દીઓ ભડથુ.
- ઢાકા પહોંચતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનુ ભવ્ય સ્વાગત, જો કે વિરોધ પ્રદર્શનમાં હિંસા ફેલાતા ૨૦ને ઈજા.
- મુંબઈના સૌથી મોટા ડ્રગ ડીલર બટેટાની ધરપકડ.
- આઈઆઈએમ, અમદાવાદના પાંચ વિદ્યાર્થીઓ સુપર સ્પ્રેડર બન્યા.
- નંદીગ્રામમાં મમતાના સ્પર્ધક સુવેન્દુ અધિકારીને રોકવા કેટલાક ગુંડાઓ પહોંચ્યા.
- ભારત બંધ એલાનના પગલે ચાર શતાબ્દી ટ્રેન રદ કરાઈ અને ૩૧ ટ્રેન થંભી ગઈ.
- જાણીતા પત્રકાર અને લેખક અનીલ ધારકરનું અવસાન.
- રીઝર્વ બેંકના ભૂતપૂર્વ ડે. ગવર્નર કે.સી. ચક્રવર્તીનું નિધન.
- ટીકરી બોર્ડર પર ૬૧ વર્ષના ખેડૂતની હત્યા.
- આગામી લોકસભા ચૂંટણી ઓનલાઈન વોટીંગથી કરાવવાના ઈરાદાના સંકેત.
- નડીયાદ મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ૨૫ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત.
- વડોદરાની એસએસવી હોસ્પિટલના ૪૦ આરોગ્ય કર્મીઓ કોરોનાથી સંક્રમિત થતા ભારે હાહાકાર.
- વિધાનસભાના પ્રોટેમ અધ્યક્ષ તરીકે કોંગ્રેસના ડૉ. અનીલ જોશીયારા નિમાયા.
- ટાટા મીસ્ટ્રી કેસમાં ટાટા સન્સના પક્ષમાં ચૂંટણી પંચનો ચૂકાદો.
- રાજકોટ જિલ્લાના ૧૧૨ ગામડાઓમાં હજુ કોરોનાની એન્ટ્રી નથી થઈ.
- પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાનખાને કોરોનાગ્રસ્ત હોવા છતાં સરકારી બેઠક બોલાવતા સોશીયલ મીડિયામાં ચર્ચા.
- દિવ, દમણ અને દાદરાનગર હવેલીમાં રાત્રી કરફ્યુ અમલમાં.
- જીટીયુના કુલપતિ ડૉ. નવીન શેઠ કોરોનાગ્રસ્ત.

પાલનપુરની સ્વસ્તિક પ્રાથમિક શાળાના ધોરણ ૩ થી ૫ ના વિદ્યાર્થીઓને શેરી શિક્ષણ અપાશે

સરકારના શેરી શિક્ષણના અભિગમને ખાનગી શાળાએ અપનાવ્યો

પાલનપુર

કોરોના વાયરસના કેસમાં વધારો થતા અત્યારે ધોરણ ૧ થી ૫ની શાળાઓ શરૂ થવાનું કોઈ નકકી નથી જેથી પાલનપુરની એક શાળા દ્વારા સરકારની શેરી શિક્ષણના કોન્સેપને અપનાવી સોમવારથી શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓને વાલીઓને સંમત્તીથી બોલાવી શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે.જેનો સોમવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

કોરોના વાયરસના કેસોમાં ઘટાડો થતા સરકાર દ્વારા ધીમે-ધીમે ઓનલાઈન શિક્ષણ બંધ કરી ઓફલાઈન શિક્ષણ ચાલુ કરવામાં આવી રહયુ છે.જેના તબક્કાવાર શાળાઓ શરૂ કરવામાં આવી રહી છે.જેમાં અત્યારે કોરોના વાયરસની ગાઈડ લાઈન મુજબ ધોરણ ૬ થી ૧૨ની શાળાઓ રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ છે.અને વિદ્યાર્થીઓ રાબેતા મુજબ શાળાએ પણ આવવા લાગ્યા છે.તો બીજી તરફ ફરી કોરોનાના કેસોમાં ઉછાળો થતા હવે ૧ થી ૫ના વિદ્યાર્થીઓની શાળા શરૂ થાય તેવા કોઈ અણસાર ન દેખાતા પાલનપુરની શ્રીમતી એસ.સી. સાળવી અને એમ. એસ. સાળવી પ્રાથમિક શાળા દ્વારા સરકારના શેરી શિક્ષણના કોન્સેપને અપનાવવામાં આવી રહ્યો છે.જેથી વાલીઓ પાસે સંમત્તી પત્રક ભરાવી સોમવારથી શહેરના હાઈવે વિસ્તારના જુદા જુદા ૧૩ સેન્ટરો ઉભા કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી રહી છે.આ અંગે શાળાના પ્રિન્સિપાલ ચંન્દ્રકાંતભાઈ પટેલ અને મગનભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ કે કોરોનાના કેસોમાં વધારો થતા હવે અત્યારે પ્રાથમિક શાળાઓ શરૂ થાય તેવા કોઈ અણસાર દેખાતા નથી જેથી સ્વસ્તિક શાળા દ્વારા શહેર તેમજ ગામડાઓમાં શેરી શિક્ષણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં કુલ ૧૩ સેન્ટરો ઉભા કરાયા છે.જયાં વાલીઓની સંમત્તી આવ્યા બાદ જે વિદ્યાર્થીને જે સેન્ટર નજીક પડશે તે સેન્ટર પર અભ્યાસ કરાવવામાં આવશે.અને સરકારની કોરોનાની ગાઈડલાઈનનું સંપૂર્ણ પણે પાલન કરી વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.જેનો સોમવારથી અમલ કરવામાં આવ્યો છે.

ખેરોજ પંથકમાં આદિવાસી કન્યા હવસનો શિકાર, ગર્ભવતી બનતાં ચકચાર

હરકતમાં આવેલી પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી, હવસખોરને ફાંસીના માંચડે લટકાવો

બાયડ, તા.૨૬

સાબરકાંઠાની ધરતી ફરી એકવાર શર્મસાર બની છે. ખેરોજ પંથકના આદિવાસી વિસ્તારમાં સગીરા ઉપર લાલા સાયબાભાઈ ગમાર (રહે.ભૂરીદળફળ, તા.ખેડબ્રહ્મા)દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવ્યાની જઘન્ય ઘટના સામે આવતાં સનસનાટી મચી ગઈ છે. બનાવ અંગે ખેરોજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદ નોંધાયાના ૨૪ કલાક પછી પણ કહેવાતા મહિલા સંગઠનો હજુ બહાર આવ્યા નથી..!!

હિંમતનગરના ઢુંઢરની પીશાચી ઘટનાએ સમગ્ર રાજ્ય અને રાજ્ય સરકારને હચમચાવી દીધી હતી. બળાત્કારી સામે ઝડપથી કેસ ચલાવવા માટે ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરવામાં આવી હતી. ત્યાર પછી જઘન્ય ઘટનાઓ ઉપર અંકુશ આવશે તેવી આશા ઠગારી નિવડી છે. હિંમતનગર તેમજ ખેરોજ અને વિજયનગર પંથકમાં દુષ્કર્મ આચરવાની ઘટનાઓ સહજ બની છે છતાં પોલીસની કોઈ ધાક ન હોય તે રીતે આરોપીઓ બિન્દાસ્ત બની ગયા છે. ખેરોજ પોલીસ સ્ટેશનની હદના ગ્રામ્ય વિસ્તારની સગીરાને લાલા ગમાર છેલ્લા ૮ મહિનાથી તેના ઘરે જઈ દુષ્કર્મ આચરતો હતો. સગીરાના પેટમાં ગર્ભ રહી જતાં મામલો વધુ પેચીદો બન્યો. મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો અને સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે.

પોલીસ માટે ગર્ભપાતનો પેચીદો પ્રશ્ન

બાયડ : હવસખોરના કારણે વધુ એક કુંવારીકા ગર્ભવતી બની ગઈ છે. આ કિસ્સાએ સમગ્ર વહીવટી તંત્રને હચમચાવવાની સાથે પોલીસની કામગીરી ઉપર પણ હવે સવાલ ઉભા થવાના છે. સગીરાના પેટમાં ગર્ભ રહ્યો છે તે કેટલા મહિનાનો છે..?? તે જાણ્યા પછી પોલીસ માટે ગર્ભપાતનો પેચીદો પ્રશ્ન સામે આવી શકે છે.

કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીના પેટમાં તેલ નહીં રેડાય ને..??

ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા પ્રોટેમ સ્પીકર બન્યા

ગુજરાત વિધાનસભા ગૃહમાં ૨૫ વર્ષમાં પ્રથમ ઘટના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

છેલ્લા ૨૪ વર્ષથી ગુજરાતમાં ભાજપનું શાસન છે. કોંગ્રેસનો રાજગાદીનાં સ્વપ્નાં અધૂરાં રહ્યાં છે. ત્યારે પ્રોટેમ સ્પીકર પદ કોંગ્રેસને મળે તે સ્વપ્નમાં પણ વિચારી ન શકાય ત્યારે તા.૨૬ માર્ચે એક અનોખી ઘટના ગુજરાત વિધાનસભા ગૃહમાં જોવા મળી. ભિલોડા વિધાનસભા બેઠક ઉપર સતત જીતતા કોંગ્રેસના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારાને વિધાનસભા ગૃહના અધ્યક્ષે નવી પહેલ કરી પ્રોટેમ સ્પીકર બનાવતાં અરવલ્લી જિલ્લામાં ખાસ કરીને ભિલોડા તાલુકામાં ખુશાલી જોવા મળી. જો કે ભાજપના આ દાવથી કોંગ્રેસની પ્રદેશ નેતાગીરીના પેટમાં તેલ નહીં રેડાયને..?? તેવી અંદેશા પણ વ્યક્ત થઈ છે.

ગુજરાત અને દેશમાં ભાજપ જે રીતે વિકાસની રાજનીતિથી આગળ વધી રહ્યું છે તે જોતાં આવનારા વર્ષોમાં પણ ભાજપના વિજય રથને રોકવો અત્યંત મુશ્કેલ

છે. જે રીતે કોંગ્રેસના અનેક ધારાસભ્યો ભાજપની વિકાસયાત્રાથી પ્રેરીત થઈ કેસરીયો ધારણ કરી રહ્યા છે અને પેટાચૂંટણીમાં જીત મેળવી છે તે જોતાં પ્રજા માત્ર વિકાસની રાજનીતિને સ્વીકારતી થઈ છે તેવું ચિત્ર ઉભું થયું છે.

આમ તો ડૉ.અનિલ જોષીયારા મૂળ તો ભાજપ ગોત્રના છે પરંતુ ગુજરાતમાં ભાજપ સરકારને ઉથલાવી શંકરસિંહ વાઘેલાએ રાજપા નો ઉદય કર્યો તે દિવસે રાજપા સરકારમાં થોડાક મહિનાઓ માટે આરોગ્ય મંત્રી તરીકે નિયુક્ત થયા હતા અને ત્યારબાદ કોંગ્રેસમાં જોડાયા અને સતત જીતતા આવ્યા છે. આ સંજોગોમાં વિધાનસભાના ધારાસભ્યને ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રોટેમ સ્પીકર બનાવી ભાજપ અને ખાસ કરીને વિધાનસભાના અધ્યક્ષે એક નહીં પહેલ કરી છે તેની સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રસંશા થતી જોવા મળી.

પાલનપુર શહેરમાં પાલિકા દ્વારા નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો બંધ

પાલનપુર

પાલનપુર શહેરમાં પાલિકા દ્વારા નાખવામાં આવેલ કેટલીક સ્ટ્રીટ લાઈટો બંધ છે.જેના કારણે શહેરી જનોને રાત્રિ દરમીયાન પસાર થવુ મુશ્કેલ બનતુ હોય છે.જેથી પાલિકા દ્વારા શહેર તેમજ હાઈવે વિસ્તારમાં સર્વે કરી બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પાલનપુર શહેરમાં આવેલ ૧ થી ૧૧ વોર્ડમાં સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી છે.જેના કારણે રાત્રિ દરમીયાન લોકોને અવર-જવર કરવુ હોય તો કોઈ ભય રહેતો નથી.પરંતુ શહેરના વોર્ડમાં નાખવામાં આવેલ કેટલીક સ્ટ્રીટ લાઈટો બંધ થઈ ગઈ છે.જેથી સોસાયટીની સ્ટ્રીટ લાઈટો બાબતે તો રહીશો દ્વારા પાલિકામાં કંમ્પલેન નોંધાવામાં આવે તો પાલિકા દ્વારા રિપેરીંગ કામ કરવામાં આવતુ હોય છે.પરંતુ જાહેર માર્ગ ઉપરથી સ્ટ્રીટ લાઈટો બાબતે કોઈ વ્યક્તિઓ દ્વારા કંમ્પલેન કરવામાં ન આવતી હોવાથી લાંબા સુધી સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોય છે.જેથી પાલિકા દ્વારા આ બાબતને લઈ રાત્રિ દરમીયાન સર્વે કરવામાં આવે અને જે વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોય તે સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી રહી છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા અમરાપુરના ગ્રામભારતી મહાવિદ્યાલય ખાતે થેલેસેમિયા ચેકઅપ કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમાં ૫૧ વિદ્યાર્થીઓના પરીક્ષણ કરાયાં હતા.

અંબાજીમાં હોટલ આગળ પાર્ક પડેલી કારમાંથી દારૂ ઝડપાયો

યાત્રાધામ અંબાજીમાં એક હોટલ આગળ પાર્ક કરેલ કારમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવતાં ચકચાર મચી ગઈ છે. ગઈકાલે મોડીરાત્રે અંબાજી પોલીસે નાઈટ પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ કારની તલાશી લેતાં ચોંકી ગઈ હતી. કારમાંથી વિદેશી દારૂની ૪૨ બોટલો મળી આવતા પોલીસે કારમાં બેસેલાં ઈસમને ઝડપી પાડી રૂ.૧,૩૭,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ સાથે ઈસમ વિરૂધ્ધ અંબાજી પોલીસ મથકે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધાવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના યાત્રાધામ અંબાજીમાં ગઈકાલે રાત્રે દારૂ ભરેલી કાર ઝડપાઈ છે.

ગટર લાઈનના જોડાણ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ માટે ગુડા દ્વારા રાયસણ, રાંદેસણ, સરગાસણ, ભાઈજીપુરા, વાવોલ, અંબાપુર અને પોર સહીતના ગામોમાં લાઈનનુ જોડાણ આપવા માટે કામ શરૂ કરાશે. આ અન્વયે અંદાજિત રૂ ૭.૫૦ કરોડનો ખર્ચ કરાશે. આગામી હોળી ધુળેટીના પર્વ બાદ કામ શરૂ કરી દેવાશે.

બજેટ મંજૂર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આગેવાનો વચ્ચે શાબ્દીક ટપાટપીને અંતે સમાધાન થયુ હતુ અને પ્રમુખ અને ચેરમેનને વિકાસ કામો માટે ૫૦-૫૦ ટકા લેખે રકમ ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગાંધીનગર તાલુકા પંચાયતમાંથી ૧૯ ગામોને અમદાવાદ-ગાંધીનગરમાં ભેળવવામાં આવ્યા બાદ કોંગ્રેસ પક્ષે હસ્તગત કરેલી સત્તાનું આ પ્રથમ બજેટ હતુ.

કોરોના સંક્રમણ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

૫૯,૧૧૮ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૧૮,૪૬,૬૫૨ પર પહોંચી ગયો છે. જેમાંથી ૧,૧૨,૬૪,૬૩૭ લોકો સાજા થઈ ગયા છે જ્યારે ૪,૨૧,૦૬૬ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૫૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. દેશમાં કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૬૦,૯૪૯ પર પહોંચી ગયો છે. પૂરપાટ ઝડપે ચાલતા રસીકરણ હેઠળ અત્યાર સુધીમાં ૫,૫૫,૦૪,૪૪૦ લોકોને રસી આપવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણ ખુબ વધી રહ્યું છે. જ્યારે પંજાબ, કેરળ, કર્ણાટક, ગુજરાત અને છત્તીસગઢમાં પણ કોરોના સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે. આ છ રાજ્યોમાંથી ૮૧ ટકા કેસ સામે આવ્યા છે. આ ઉપરાંત દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં પણ કોરોના વધી રહ્યો છે. આ રાજ્યોમાં જો હોળી સમયે ધ્યાન ન રખાયું તો કોરોનાનો પ્રકોપ વધી શકે છે.

હોસ્પિટલમાં આગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સામે લડી રહ્યો છું. જ્યારે રાજ્યમાં મહામારી ત્રાટકી ત્યારે ખૂબ જ ઓછા બેડ અને વેન્ટિલેટર્સ હતા પરંતુ અમે અમારી લડત ચાલુ રાખી અને હંગામી હોસ્પિટલ ઊભી કરી દીધી.

આગને લઈને મુંબઈના મેયરે કહ્યું હતું, કે હજુ સુધી આગ કયા કારણોસર લાગી તેની માહિતી પ્રાપ્ત થઈ નથી. મેં મોલમાં પહેલીવાર કોઈ હોસ્પિટલ જોઈ છે, જવાબદારો સામે સખ્ત પગલાં લેવામાં આવશે. આગ લાગવાના કારણે ૧૦ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રના સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર મોતનો આંકડો હજુ પણ વધી શકે છે. હોસ્પિટલના જે હિસ્સામાં આગ લાગી હતી ત્યાં ૧૨ કલાક બાદ પણ આગ પર કાબૂ મેળવી શકાયો નથી. ૨૦થી વધુ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો છે.

આ હોસ્પિટલમાં કોરોના સંક્રમિતો સહિત ૭૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો હાલ ઘટના સ્થળ પર હાજર છે, સાથે સાથે પોલીસનો પણ કાફલો પહોંચ્યો છે .તેમજ હોસ્પિટલમાં રહેલા તમામ દર્દીઓને અન્ય હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે.

આગમાં ફસાયેલા ૯૦થી ૯૫ ટકા દર્દીઓને બચાવી લેવામાં આવ્યા છે તેમ છતાં મૃતકઆંક હજુ ઉંચો જઈ શકે છે. આગ લાગવાનું કારણ જાણવા તપાસના નિર્દેશ આપવામાં આવ્યા છે. જાણવા મળ્યા મુજબ હોસ્પિટલમાં ૭૬ દર્દીઓ દાખલ હતા જેમાંથી ૭૩ કોરોનાથી સંક્રમિત હતા.

મુંબઈના મેયર કિશોરી પેડનેકરે ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું નીરિક્ષણ કર્યું હતું અને મોલમાં આ પ્રકારને હોસ્પિટલ કાર્યરત હોવા અંગે તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. મેયરના જણાવ્યા મુજબ તેમણે મોલમાં કોઈ હોસ્પિટલ ચાલતી હોય તેવું પ્રથમ વખત જોયું છે. તમામ જવાબદારો સામે પગલાં લેવામાં આવશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

નાઈટ કર્ફ્યુ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દરમિયાન મહારાષ્ટ્રમાં કોરોના પોતાનું ખતરનાક સ્વરૂપ બતાવી રહ્યો છે. તેવામાં મુંબઈમાં કોર્પોરેશને રોજના ૧૦ હજાર કેસો આવે તો પણ સ્થિતિને પહોંચી વળાય તે માટે તૈયારીઓ શરુ કરી દીધી છે. મ્યુનિસિપલ કમિશનર ઈકબાલસિંઘ ચહલે આ મામલે જણાવ્યું હતું કે, કોરોનાના કેસ વધી રહ્યા છે, પરંતુ ગભરાવવાની જરુર નથી.

બીએમસીના કમિશનરનો દાવો છે કે, સ્થિતિ કાબૂમાં છે, અને સમય જતાં કોરોના પર પણ ચોક્કસ કાબૂ આવી જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આગામી દિવસોમાં રોજેરોજ કરાતા ટેસ્ટની સંખ્યા વધારીને ૬૦ હજાર સુધી લઈ જવાનો કોર્પોરેશનનો ટાર્ગેટ છે. અત્યારસુધીમાં ૧૦ લાખ લોકોને રસી પણ આપી દેવાઈ છે, અને રોજ એક લાખ લોકોને વેક્સિન આપવાનો ટાર્ગેટ છે.

કમિશનરે લોકોને પણ કોરોનાને ગંભીરતાથી લઈ બીએમસીને સહકાર આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુરુવારે ૪૦,૪૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૫,૪૫૮ લોકો પોઝિટિવ નીકળ્યા હતા, આમ પોઝિટિવિટીનો રેટ ૧૩.૫ ટકા પર પહોંચી ગયો છે. ગુરુવારે જે કેસ નોંધાયા તેમાંથી ૮૩ ટકા લોકોમાં કોરોનાના કોઈ લક્ષણ નહોતા દેખાઈ રહ્યા. બુધવારે બીએમસીએ ૪૭,૦૦૦ ટેસ્ટ કર્યા હતા, અને ત્યારે પણ નવા કેસોનો આંકડો ૫૦૦૦થી વધુ રહ્યો હતો. તેમાં પણ પોઝિટિવિટી રેટ ૧૨ ટકા હતો અને કોઈ લક્ષણ ના ધરાવતા પોઝિટિવ લોકોનું પ્રમાણ ૮૪ ટકા હતું. શહેરમાં ગુરુવારે ૧૦ જ્યારે બુધવારે છ લોકોના કોરોનાથી મોત થયા હતા.

આઝાદી માટે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ખોટા સાબિત કર્યા છે. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીમાં ઈન્દિરા ગાંધીનું યોગદાન સર્વવિદિત છે. પીએમ મોદીએ કહ્યું કે, બાંગ્લાદેશની આઝાદીની લડતને ભારતનું સમર્થન પ્રાપ્ત હતું.

હું ભારતીય સેનાના વીર જવાનોને પણ યાદ કરું છું કે જેઓ મુક્તિ યુદ્ધમાં બાંગ્લાદેશના લોકો સાથે ઉભા રહ્યા હતા. તેમણે આઝાદ બાંગ્લાદેશના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

જાહેર સૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત ના સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટી દ્વારા ૧૪/૦૯/૨૦૦૬ પર્યાવરણ અસર સમીક્ષા અધિનિયમ અંતર્ગત અમો **અર્પણ ડેવલપર્સ** ને સર્વે નં.૨૧૪, એફ.પી. નં.૨૫/૨, ટી.પી. સ્કીમ ૦૪, (કુડાસણ- ધોળાકુવા); કુડાસણ, ગાંધીનગર મુકામે બાંધકામ પરિયોજના **"રાધે ઈન્ફીનિટી"** માટે પર્યાવરણ મંજુરી આપવામાં આવેલ છે. અમોને જારી કરવામાં આવેલ મંજુરી પત્ર ક્રમાંક: SEIAA/GUJ/EC/8(a)/343/2021 ની નકલ અમારી પાસે, સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટી પાસે અને સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરિટીની વેબસાઈટ www.seiaa.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

સુરેશ પટેલ (ભાગીદાર)
તારીખ : ૨૬/૦૩/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર